જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૭/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૩૫૧/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૩,૮૩,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૪૭૯ લીટર દેશી દારૂ, ૪૬૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૮૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૩૬ બિયર ટીન, ૧ રીક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૪/૨૦૨૨**

**ઘાટલોડીયાઃ** અશોકભાઈ હરીકિશનભાઈ ભાવસાર (ઉ.વ.૫૭) (રહે,વિરનગર સોસાયટી ભીમજીપુરા ચાર રસ્તા પાસે નવાવાડજ) એ તા.૨૯/૦૭/૨૦૨૨ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે અશોકભાઇ ઘાટલોડીયા ખાતે દુકાન ધરાવી વેપાર કરતા હોઈ માહે ઓક્ટોબર/૨૦૨૧ થી માહે જાન્યુઆરી/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) આનંદશરણ જીવનઆધાર ઠક્કર અને (૨) અચિન્ત જીવનઆધાર ઠક્કર (બન્ને રહે, તેજસ્વી બંગ્લોઝ પરશુરામ ભઠ્ઠા સયાજીપુરા વડોદરા ફર્મ-આનંદ ટ્રેડર્સ સયાજીપુરા એ.પી.એમ.સી માર્કેટ, વડોદરા) એ ભેગા મળી અશોકભાઇ પાસેથી તેલ મંગાવી મેળવી લઈ તેલના કુલ રૂપિયા ૮૨,૪૫,૪૮૩/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.આર.ગામીત ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૫/૨૦૨૨**

**પાલડીઃ** રસીલાબહેન વિનોદરાય મહેતા (ઉ.વ.૭૭)(રહે.ગાર્ડનીયા રેસીડન્સી નુતન નાગરીક સહકારી બેંક સામે નવા શારદા મંદીર રોડ પાલડી) તા.૨૯/૦૭/૨૦૨૨ સવારના ૮/૪૦ વાગ્યાના સુમારે જૈનનગર સોસાયટી પોપટલાલ હેમચંદ્ર જૈન ઉપાશ્રય સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રસીલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રસીલાબહેન મહેતાએ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.સિંધવ ચલાવે છે.

**<u>તળાવમાં ડુબી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૫૬/૨૦૨૨</u>**

**ઘાટલોડીયાઃ** મેમનગર જાધવનગર લક્ષ્મીનગર ખાતે રહેતા શાંતિલાલ કઢક નાયી (મુળ વતન. ડુંગરપુર રાજસ્થાન) નાઓનો બાર વર્ષનો પુત્ર મિત તા.૨૯/૦૭/૨૨ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે મેમનગર તળાવ ખાતે તળાવમાં નાહવા જતા ડુબી જતા તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.મિસ્ત્રી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી